ૐ

# વૌઠાના મેળાનું

## માહાત્મ.


બનાવનાર તથા પ્રગટ કરનાર.

પંડ્યા. કાશીરામ વલ્લવરામ.

કેળીયા વાસણા—તા૦ ધોળકા.


દોહરો.

વર્ણું મહાત્મ વૌઠાતણું, સપ્ત સરિતા સગ.
સજ્જન જન વાંચો સદા, ઉરમાં ધરી ઉમંગ.


આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૬૪ સને ૧૯૦૮

અમદાવાદ.
શ્રી "સત્ય સાગર" પ્રિન્ટીંગ પ્રેસ.

કીંમત ૦-૧-૦

ॐ

# વૌઠાના મેળાનું
# માહાત્મ.


બનાવનાર તથા પ્રસિદ્ધ કરનાર.

પંડ્યા. કાશીરામ વલ્લભરામ

કેળીયા વાસણા—તા. ધોળકા.


દોહરો.

વર્ણું મહાત્મ વૌઠાતણું, સપ્ત સરિતા સંગ;
સજ્જન જન વાંચો સદા, ઉરમાં ધરી ઉમંગ.


આવૃત્તિ ૧ લી. પ્રત. ૨૦૦૦

સંવત ૧૯૬૪. સને ૧૯૦૮

અમદાવાદ.

શ્રી "સત્ય સાગર" પ્રિન્ટીંગ પ્રેસ.

કીમત. ૦-૧-૦

॥ ૐ ॥



કર્તા. રાગ કલ્યાણ.

શ્રી ગણેશ પતી, અમે વંદીએ અતી;
આપને નમન કરૂં છું, આપો સુમતી. ટેક.

શુભ કાર્યમાં આપજો પહેલા, ગણપતિ મોટા દેવ;
બ્રહ્મા વિસ્નુ ને મહાદેવજી, પ્રસન્ન રહે તત્‌મેવ શ્રી ગણેશપતિ.
વૌઠાના મેળાનું મહાત્મ, ગાઉં છું આવાર;
અલ્પ બુદ્ધિના અનુભવેથી, ગ્રંથ કરૂ તૈયાર શ્રી ગણેશપતિ.
બુદ્ધિનો વધારો કરશો, પ્રસન્ન રાખી મન;
નામેતો કાશીરામ કહું, વલ્લભ કેરો તન. શ્રી ગણેશપતિ.

વૌઠા એ ધોળકા પરગણામાં એક નાનું ગામડું છે તે સાબરમતી નદીના કીનારા ઉપર આવેલું છે, અને તે ઠેકાણે દરસાલ કારતક સુદી ૧૫ ના રોજ મોટો મેળો ભરાય છે. અને સાત આઠ લાખ માણસ ભેળું થાય છે. અને ત્રણ રાત્રી રહે છે, આ તિર્થની જગ્યા આખા હિંદુસ્તાનમાં મશહુર છે. પણ આ મેળો શા કારણથી ભરા-

ય છે, તેની કોઈ જાત્રાળુને ખબર નથી, ધાકરીયા પ્રવાહની પેઠે ચાલ્યુ આવે છે, તેથી મારા હૃદયમાં એ હકીકત સોધવાની ઉત્કંઠા થઈ તેથી ઘણા વરસથી ખોળ કરતાં એક પુરાતની હીંદી ભાષાના પુસ્તકમાથી વાંચતા નીચેની હકીકત મળી આવી છે કે તે કાશીની જાત્રા બરોબર જાત્રા છે.

---

કર્તા. રાગ ગીતિ.

સાબરમતિથી ઉગમણું, વૌઠા ધોળકા તાલુકાનુ ગામ;
બ્રાહ્મણ ક્ષત્રી વૈશને, ભરવાડ રથો રહેતો હતો તે ઠામ.
રથો જડ બુદ્ધિનો હતો, પવિત્ર કન્યા હતી તે તણી;
ચંદા તેની પત્નિ, સ્વામીને શીખ દેતીતી ઘણી.

આ ગામ પ્રથમ ઉગમણી દિશામાં હનમાન પાસે હતુ. તે અરસામાં ગામની વસ્તી બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ ને ભરવાડની હતી રથા કરીને એક ભરવાડ રહેતો હતો. તેને એક પવિત્ર ચંદા કરીને સ્ત્રી હતી, તે ઘણી ડાહી હતી,

---

કર્તા. રાગ લાવણી.

ગગા ઉતરીને પશ્ચિમ દિશામાં જાતો,
ભરવાડ ઘણો હોંશિલો ને મદમાતો.
ઘણાં ઢોરાંમા એક ગાય દુઝણી જેહ,
કથેરના જાળામાં દુધ ઝરી જતી તેહ.
ઘણાક દિવસ વહી ગયા જેમ તેમ,
એક દીન ખબર પડી દુધ ન નીકળે કેમ;

કાશીરામ કહે ભરવાડ મુરખની જાત,
ભરવાડણુ ડાહી ગણાય છે વિખ્યાત

રઘો ભરવાડ દરરોજ પોતાની ગાયોને નદી ઉતારી આથમણી દીશામાં ચારવા જતો હતો, તેમાંથી એક ગાય કથેરના જાળામા ઉભી રહી ઉગમણું મુખાર્વિંદ કરીને ચારે આચળમાથી દુધ ઝરી જતી હતી, તે વાતની ભરવાડને ઘણી ગાયો હોવાથી ખબર પડતી નહોતી, એ રીતે ઘણા દીવસ વહી ગયા. ત્યારે તેની સ્ત્રી ચંદાને એક દીવસ ખબર પડી કે ગાયના આચળમાં દુધ નથી ત્યારે પુછવા લાગી.

---

ચંદા. રાગ ગિતિ.

સુણજો સ્વામીનાથ, ગૌના આચળમાં દુધ નથી કેમ,
કોઇ મનુષે દોહી લીધુ, દેખરેખનો નથી કાઇ નેમ.

હે સ્વામી આ ગાયના આંચળમાં દુધ કેમ નથી? કોઇ દોહી લે છે કે શું? તેની તમે ખબર કેમ રાખતા નથી, ત્યારે તેનો સ્વામી કહે છે.

---

રઘો. રાગ ગુજરી.

હુંછે હુછે હુછે મારી, અસ્ત્રી તુતો શાણીરે;
વન વગડાનો રાજા હુંતો, તુતો મારી રાણીરે. ટેકઃ-
ઢોરાં ભેગો ઢોરાં જેવો, મને ખબર શાનીરે;—હુંછે
હવે તો શીખામણ સમજી, લઇશ તારી માનીરે.-હુંછે

અરે હે સ્ત્રી હવે હુ બરોબર દેખરેખ રાખીશ. એ રીતે શીખા-

મણુ સાભળી રોજની પેંઠ ગાયો ચારવા ગયો પણ તે દીવસે ભો-ળા ભરવાડને ખબર રહી નહીં. ત્યારે સાંજે પાછી સ્ત્રી કલ્પાત કરવા લાગી.

---

ચંદા. રાગ લલીત.

અગર ઇશરે, દુઃખ આવીયુ, મુરખ સ્વામીમા, પાનું પાડીયુ
ગાને નથી જરી, શીખ દઉં શું, સહાય કરો પ્રભુ, અર્જ કરૂ છુ
લેખ લલાટમા, શા લખ્યા હશે, અગર હાયરે, શુ હવે થશે
પુર્વે પાપથી, કુપમા પડી, આ સ્વામી સગમા, આવીને અડી

અરેરે હે ઇશ્વર આવા મુરખ પતીની સગે કયા પાનુ પાડયુ? કે જેથી સુખની ઘડી દીઠી નહી, વિધાતાએ કેવા લેખ લખ્યા હશે. કે આવો પતી મળ્યો, આ ગેરે કલ્પાત કરી રાત્રે સુઈ ગઇ તો રાત્રે તેને સ્વપ્નુ આવ્યુ.

---

રાગ દોહરા.

સ્વપ્નુ આવ્યુ રાત્રિએ, દીઠા જોગી રાય,
સ્વામી સગે તુ જજે, કરીશ હુ ઉપાય

બીજે દીવસે પોતાના સ્વામીની સાથે ગાયોમા ચંદા ગઇ, અને જે ગાય દુધ ઝરી જતી હતી તેની બરોબર ખાત્રી રાખી છેટે છાની માની ઉભા રહી, ત્યારે રોજના નીયમ પ્રમાણે ગાય ઉગમણુ મુખ કરી ઉપરના જાળામા દુધ ઝરી ગઈ, તે ચદા જોતી હતી.

---

કર્તા. રાગ દોધક.

ગૌએ મુખ ઉગમણું કીધું છે, સૂર્યે વાદળ છત્ર દીધું છે,
સૂર્ય સનમૂખ નમન કરે છે, આચળમાંથી દુધ ઝરે છે.
પૃથ્વીની અંદર ચાલ્યુ જાય સૂર્ય સ્તુતિ પૂરી કરાય;
ચંદા સામી ગુપચૂપ ઊભી, નજરો નજર દીઠીરે ખુબી

આ ઉપરની હકીકત ભરવાડણે નજરે દીઠી કે ગાય ઉગમણુ મુખ કરી સુરજને સ્તુતી કરે છે. એટલામા સુર્યનો તાપ વાદળથી ગાય ઉપર ઓછો થયો અને દુધ ઝરી ગઇ. એટલે ભરવાડણુ પોતાના સ્વામીને સાદ કરી બોલાવે છે—

---

ચંદા. રાગ માઢ

હે સ્વામી મારા, દીલના ધારા, આવોને મુજ પાસ.
ફરગરે, પ્રાણથી પ્યારા, છો નહીં ન્યારા આવોને મુજ પાસ.
આપણી ગૌઆ પય ઝરેછે, સફળ કરીયુ કાજ;
આ સ્થળે કાઇક હોવું જોઇએ, નગ્રમા જાઓ આજરે હે સ્વામી
નગ્રમાં જઇ સરવેને કહેજયો, કૌતક છે વન માંય;
મારી ગૌ જે દુધ ઝરી ગઇ, પૃથ્વીની માંયરે. હે સ્વામી.
કોદાળી પાવડો લેતા આવજો, રાખશો નહી કાઇ ન્યુન્ય,
આપણુંને નગ્ર સરવેનું, આડુ આવશે પુન્યરે હે સ્વામી.

ચંદાએ કહ્યું કે આપણી ગાય જે રોજ દુધ ઝરતી હતી તે આજ ખાત્રી થઇ કે આ ઠેકાણે કાંઇક હોવુ જોઇએ, માટે તમે ગામમાં જઇ કોદાળી, પાવડો વીગેરે લઇને ગામના આગેવાન માણસો

ને બોલાવી લાવો. અને ખોદાવી જોઇએ કે આ ઠેકાણે શું છે. સ્ત્રી
ના કહેવાથી ભરવાડ ગામમાં ગયો ને લોકોને કહ્યું કે:—

---

રબો. રાગ ગીતિ

સૌ પધારો મુજ સંગે, કૌતક આજ વન વિષે;
ગંગાની પેલી તીરે, જાવું છે આથમણી દીસે.

સર્વેને બધી હકીકત કહી અને બધા ગામના માણસો ભેગા
થઇ આવ્યા. વળી કોદાળી વીગેરે લાવ્યા અને ત્યાં ખોદયું તો માહે
થી કોઇ અલોકીક મહાદેવનું બાણુ નીકળ્યું, એટલે જે ગાય [કામ-
ધેનું] દુધ ઝરતી હતી. તે ગાય વીમાન આવ્યું તેમાં બેશી સ્વદેહે
વૈકુંઠમાં વાસ કર્યો. આ હકીકત સર્વે જન મંડળે નજરે જોયુ તેથી
માહોમાહે વીચાર કરી કહે છે,

---

રાગ યોવન ખીલ્યું.

આજે આનંદ અતી છે, શીવનું ધ્યાન ધરો,
હૃદય સુહૃદય કરો કપટ તમે હરો, શીવનું ધ્યાન ધરો, આજે ૧
સરવના લેખે આવી શંકર મળ્યા;
બ્રાહ્મણ ક્ષત્રિ વૈશ્યને સરવે ભળ્યા.
પુન્ય પ્રેમ કરો, હરખે આજ ફરો આજે. ૨
સૌ સાથ મળીને દેવળ કરો;
માહી મુક્તિ કરીને બાંણુને ધરો
પ્રેમથી ચિત્ત ધરો, દીલમાં નવ ડરો. આજે. ૩

સરવે પ્રેમીજનોએ કામ કીધું,
બ્રહ્મા પુત્રે બ્રાહ્મણ રૂપ લીધું.
શીવ સ્થાપન કરો, સિદ્ધનાથ નામ ધરો  આજે. ૪
સરવે દેવો અંતરીક્ષ આવી ઉભા;
પુષ્પ વૃષ્ટીના કીધા મનસુબા.
પુષ્પ વૃષ્ટી કરો, શીવનું છત્ર ધરો,  આજે. ૫
કારતક સુદી પુનમને દિને,
સ્થાપના કીધી હસ્ત નારદ મુને,
પય પાન કરો, સરવનાં દુઃખ હરો  આજે. ૬

હે ભાઇઓ આપના ભાગ્યેજ કરીને આ મહાદેવે આપણી ભોમીકા પવિત્ર કરી છે. માટે આ ઠેકાણે દેવળ કરો. અને મહે મહાદેવજીની સ્થાપના કરો, તેથી સર્વેનાં અતકરણ નિર્મળ થશે. તે ઠેકાણે મોટી જગ્યા રોકી મોટુ દેરૂ ચણાવી કોઇ વિદ્વાન બ્રાહ્મણ ને બોલાવી સ્થાપના કરાવવી. એવો મનસુબો કર્યો કે તુરત બ્રહ્માના પુત્ર નારદરૂષીએ બ્રાહ્મણનું રૂપ લઇ ત્યા આવી ઉભા. અને આકાશમાં, અંતરીક્ષ સર્વ દેવો પણ આવેલા છે જે વખતે નારદજીના હાથે કારતક સુદી ૧૫ના રોજ સિદ્ધનાથ મહાદેવ એવુ નામ ધરાવી સ્થાપના કરવામાં આવી તેજ વખતે આકાશમથી પુષ્પ વૃષ્ટી થઇ મનમાં એ વખતે એવો તર્ક થયો કે ગંગાજીને બોલાવી મહાદેવજીને સ્નાન કરાવું એમ ધારી ગંગાની સ્તુતી કરી.

---

નારદરૂષિ.  રાગ લાવણી.

ધન્ય ધન્ય ગંગા મચ્યા, તમે રાખો મનમાં દયા;

મુજ પાવન કરો કાયા, માજી પ્રસન્ન થાઓ—હાંહાંરે માજી પ્રસન્ન થાઓ.
તમે આવો આ ટાણે, આખું જગત વખાણે;
મોજ મહાદેવ માણે, વેદ બ્રહ્મા ભણે—હાંહાંરે વેદ બ્રહ્મા ભણે.
આપનુ અમર છે નામ, વહો વૌઠા મુકામ;
સિદ્ધનાથનું છે ધામ, માજી વારે ધાજો—હાંહાંરે માજી વારે ધાજો.
માતા શીવનુ ધરો ધ્યાન, તેમને કરાવો સ્નાન;
દેશેદેશ વધે માન, અરજ ઉરમાં ધારો—હાહારે અરજ ઉરમા ધારો.
સનમુખ આવી ઉભા તેહ રૂપ ખટદશ વરસનુ જેહ,
સુસવાટે આવ્યાં એહ, શીવે સ્નાન કીધું—હાહારે શીવે સ્નાન કીધું

એટલે એકદમ ગંગાજી સિદ્ધનાથ મહાદેવને સ્નાન કરાવવા આવ્યા અને સ્નાન કરાવી તેજ ઠેકાણે વહેવા લાગ્યા પછી નારદજીએ શીવની આરતી કરી.

---

નારદઋષિ. રાગ આરતી.

જય શીવ હર ભોળા, જય શીવ હર ભોળા.
આરાધું ત્રિપુરારી [૨] હર શીવ ૐકારા—જય શીવ હર ભોળા.
નંદી વાહન ખગવાહન, શીવ ચક્ર ત્રિશુળ ધારી: [૨]
ઉમીયાજી અર્ધાંગે [૨] ગંગ જટાધારી—જય શીવ હર ભોળા.
આક ધંતુરો રંગ, શીવ વિજીયાના ભોગી [૨]
સર્પ ગળામાં શોભે [૨] રૂદ્ર માળ યોગી.—જય શીવ હર ભોળા.
અંગે ચોળી ભસ્મ, શીવ બીલી પત્ર ચડે [૨]
જે કોઇ પુજન કરશે [૨] આફત નવ અડે.—જય શીવ હર૦
શીવ શક્તિની આરતી જે કોઇ ગાશે, શીવ જે કોઈ ગાશે;

દાસ કાશી ભણે છે, (૨) દુ ખ દળદર જાશે, હર વૈકુઠે જાશે.
જય શીવ હર ભોળા

પછી નારદજીએ સરવે ગામના મંડળને આજ્ઞા કરી કે તમે આ ઠેકાણે ગામ વસાવી રહો. અને તમારા ઉપર શીવે કૃપા કરી છે માટે આવી વસો. અને આ ઠેકાણે આજથી દર સાલ મોટો જંગી મેળો ભરાશે અને આ જાત્રા કાશીની બરોબર થશે. એવુ નારદજીનુ વચન થયુ અને પોતે અંતર ધ્યાન થઇ ગયા.

---

કર્તા. રાગ દોહરો.

નારદ અંતર ધ્યાન થયા, નગ્ર વસ્યું તે ઠામં,
વિસ્મય સૌ જન પામીયા, લેતા શંભુનુ નામ

પછી ગામ પણ ઉગમણી દીશામા હનમાન પાસે વસેલુ હતુ તે જગ્યા છોડી સિદ્ધનાથ મહાદેવની છાયામા વસ્યુ અને પછી તે દેવાલયની પાસે બીજુ ભીમનાથ મહાદેવનુ દેવળ બનાવી મહાદેવ પધરાવ્યા સભુના પ્રતાપથી ગામ સુખી છે,

---

## સ્તુતી.

કર્તા. રાગ—અજનીનો જાયો હનુમાનરે.

કઇલાસ વાશી મહાદેવરે, સમરૂ શંભુને,
ભસ્મ ચડાવી કરૂ તેમ શેવરે, સમરૂ શંભુને—ટેક

### સાખી.

બાણાસુરે તપ આદર્યુ, ધ્યાન ધર્યુ મન સાથ:
પ્રસન્ન થઇ વર આપીયુ, તેને દીધા સહસ્ત્ર હાથરે.—સમરૂ શંભુને
દ્રુપદમાં હારી ગયો, હરી હર બેઉ એક;

સમજ્યો નહીં તે મન વિષે, તેથી તોડી નાંખ્યો તેનો ટકરે-સ.
ઇંદ્રે બળ કાંઇ દાખવ્યું; કરવા યુદ્ધ તમ સાથ;
હકારમા છાકી ગયો, પેર કીધી ઉમાપતી નાથરે.-સમરૂ શંભુને
અંગેથી પરસેવો લઇ, નાંખ્યો તુંબી પાત્ર;
યોદ્ધો ઉત્પન કીજીઓ, જાલંધર કીધો સુપાત્રરે.—સમરૂ શંભુને
વિશ્વ સુધાની કુંવરી, મૃદાલશા જેનું નામ;
વિશ્વાસ ઘાતે મરણુ પામી, સજીવન કીધી તે ઠામરે.—સમરૂ
ભોળા શંભુ આપ છો, કરતા સર્વના કાજ;
કાશીરામ કહે કરગરી, તમ રાખજો મારી લાજરે.—સમરૂ

---

## સ્તુતી.

### રાગ માઢ.

શ્રી શિવ તમારી, છે બલિહારી, જગ વિષે સિદ્ધનાથ,
પુરો આશા અમારી,દઇ સુખવારી,છે બલિહારી-જગ વિષે સિદ્ધનાથ
વિભુતિ અંગે ગંગા શીરે, ધુપ ધુપાદીની ધુમ;
ઉડી રહી અલએલા સ્વામી, નાચુ છનક ધુમરે,
ભાવ અંતર ધારી, જ્ઞાન સુધારી. છે બલિહારી,—જગ વિષે૦
રોગ શોક વિયોગ વિદારી, દેજો દરશન દાન,
ગાજતા ગુહીર મૃદંગ સાથે, નિત્ય લગાવુ તાનરે,
શંભુ ભકિત વધારી, જય જયકારી, છે બલિહારી-જગ વિષે૦
રૂદ્રાક્ષ કેરા કાંને કુંડળ, ઝળકે ઝાક ઝમાળ,
પ્રેમ તમારો પૂરો માગે, કાશી તમ બાળરે;
માગે ઇશ્વર વિચારી, વિનય ધારી, છે બલિહારી—જગ વિષે૦

---

# સ્તુતી.

## રાગ નટવર વસંત.

શ્રી સિદ્ધનાથ હાથ ઝાલી તારજો મુને;
તારજો મુને હો ઉતારજો મુને. શ્રી સિદ્ધનાથ.
સંકટ ટાળી સુખની, પુરો પ્રભુજી આશ,
કામ ક્રોધ મદ મોહથી, તનમા ઉપજે ત્રાસ
વૈરાગ વાધ્યો છે મારા મનમા હો સિદ્ધનાથ;
કેમ વહાલા વિખુટા આજ વસવું બને શ્રી સિદ્ધનાથ.
તન મનથી સેવું સહી, ચિત્તેથી જગરાજ,
લજ્જા મારી રાખજો, જગજીવન મહારાજ.
મારી ઝાલો પ્રભુજી બાહ્ય શ્રી ગુણવંતારે;
તારી પાર ઉતારો આજ શ્રી ભગવતારે. શ્રી સિદ્ધનાથ.
જગજીવન ચંદા ગણી, વંદન કરૂ આ વાર,
ભક્તિ રસના ભાવથી, વ્હાલ ધરી આ ઠાર
કૃપા કરીને કિરતાર કર ગૃહણ કરો,
ઇશ સહુ ગુણ આપના ગણો. શ્રી સિદ્ધનાથ.

ત્યાર પછી શંકરના પુત્ર કાર્તીક સ્વામીએ એ ઠકાણે સિદ્ધનાથની સેવા કરવી, એવો નિશ્ચય કરી એકજ જગ્યાએ તપશ્ચર્યા કરવા બેઠા તે ઠેકાણે એક પીપળો હતો અને તેના ઉપર સુવર્ણનાં પાંદડ. હતા. એમણે એ ઠેકાણે ઘણા કાળ સુધી તપ કર્યું છે. અને તે રૂષિની જગ્યા સાચવવાને હાલ અત્યારે પણ મઢી બાંધી એક રૂષિ [કુરૂણાશંકર] મહારાજ લગભગ વીશ વરસથી તપ આદરીને નિરાહારી રહેલાછે. એમણે તપના આધારે કેવા કામ કરેલાં છે તે આ

નીચેના ગગાજીના ગરબાથી ખબર પડશે. અને સિદ્ધ થશે કે આ જાત્રા કાશી વીશ્વનાથની જાત્રા બરોબર છે. વળી જાત્રાળુ ભાઇઓ અને દરેક સદ્‌ગૃહસ્થોને મારી અરજ એ છે કે આપ સિદ્ધનાથ મહાદેવના દર્શન માટે જાઓ તે વખતે નિહાળી ઝીણી બારીક નજરથી જોઇ ખાત્રી કરશો કે મહાદેવનું બાણુ અલોકીક અને દેવળ પણ પુરાતની છે, અને જીર્ણ થવા આવ્યુ છે. માટે જો કોઇને સુધરાવવાની પ્રેરણા થાય તો સિદ્ધનાથ દાદા તેનાં ધાર્યાં કામ પાર પાડશે. એવા મારા હૃદયનો નિશ્ચય છે. એ બાબતમા એક શ્લોક નીચે લખુ છુ તેનો અર્થ સમજશો

## श्लोक.

पिबंति नद्यः स्वयमेव नांमः खादंतिन स्वादु फलानि वृक्षाः॥
पयोधरा नैव चरंति सस्यं परोपकाराय सतां विभूतयः॥

અર્થ નદિ જળનો સંગ્રહ કરેછે, તે કાંઇ પોતાને માટે નહીં, પણ હરકોઇને પીવા માટે છે. વૃક્ષો સ્વાદીષ્ટ મેવો ઉત્પન કરે છે પણ તે પોતાના ખાવા માટે નહિ, પણ હરકોઇના ખાવા માટે છે. મેઘરાજા વરસાદ વડે જમીન ઉપર ઘાસ ઉત્પન કરે છે, તે કાંઇ પોતાને ખાવા માટે નહિં. પણ હરકોઇને ખાવા માટે છે. તેમજ જાત્રાળુ સજ્જન પુરૂષોની સમૃદ્ધિ પરોપકારને માટે છે અને દેવ જગ્યામાં વાપરતાં તોટો આવતો નથી.

---

કર્તા — રાગ ગરબી.

ધન્ય ગંગા માતા છો સુખકારી,
વૈકુંઠ આપને કીધું છે ખ્યાલથીરે. મારી ગંગામૈયા.

આપ મેવાડના ડુંગરમાં રહેતા,
ત્યાંથી દક્ષિણ દિશામા થયાં વહેતારે. મારી ગંગાજીમા.
અમદાવાદ જીલ્લામા તમે વળીઆં,
પ્રજા ઉપરતો અદળક ઢળીઆરે. મારી ગગાજીમા.
અમદાવાદની પ્રજાને જળનો ત્રાસ,
બધા નગ્રમા આપે કીધો વાસરે. મારી ગંગાજીમા.
આપના પ્રતાપે નગ્ર ઘણું શોભ્યું,
હુન્નર કળામાં લોકોનુ મન લોભ્યુરે. મારી ગગાજીમા
પછી આગળ પોતે પરવરીયા,
ચડીનાથ દાદાના કારજ સરીયાંરે મારી ગગાજીમા.
શ્રાવણ ભાદરવે મેળો ભરાય સારો,
ઠાકોરજીને જળ ઝીલવાનો ધારોરં. મારી ગગાજીમા
ત્યાથી વૌઠે આવીને કીધો વાસ,
સપ્ત નદીઓ સંગમ થાય ખાસરે. મારી ગગાજીમા.
આપનું નારદ રૂષિએ ધરીયુ ધ્યાન,
સિદ્ધનાથ દાદાને કરાવ્યુ સ્નાનરે. મારી ગગાજીમા.
વરસા રૂતુમાં ભરપુર ગાજે,
નગ્ર વાસીના નુકશાનમા લાજેરે. મારી ગંગાજીમા.
આપના આશ્રમે રૂષિજી વસેછે,
વીસ વર્ષથી નિરાહારી રહેછેરે. મારી ગગાજીમા.
એમણે મહારૂદ્ર યજ્ઞ ઘણા કીધા,
બ્રહ્મ ભોજનમાં ઘણા લા'વ લીધારે મારી ગંગાજીમા.
રૂષિના આશ્રમેછે, [illegible],
ભુખ્યા તરસ્યાને નવ જુવે નેકરે. મારી ગંગાજીમાં.
આપના ઉપર ભાવે છે ઘણો નેક,
રૂષિનો શાખી છો આપ ઘણા ટેકરે. મારી ગંગાજીમાં.
તપસ્વીના દર્શનથી પાપ જાય નાશી,

ગંગાજીના સ્નાને જાત્રા કાશીરે. મારી ગંગાજીમા.
આ ઠેકાણે મેળો ભરાય બહુ ધાડા,
કારતક સુદી પુનમનો દહાડોરે. મારી ગંગાજીમા.
પુનમની રાત્રે દુધની શેર આવે,
સત્યવાદી મનુષ્યને નવરાવેરે. મારી ગંગાજીમા.
સ્નાન કરીને નગ્રમાં જાય,
સિદ્ધનાથ દાદાનાં દર્શન થાયરે. મારી ગંગાજીમા.
પછી સમુદ્રમા જઇને ભળીયા,
ગરબો ગાશે તેનાં જરૂર દુ:ખ ટળીયાંરે મારી ગંગાજીમા.
કાશીરામ કહે મુસ્તક નામી,
સાહ્ય કરો ગંગાજી ને અંતર જામીરે. મારી ગંગાજીમા.

---

## રાગ—ક્યાંથી આ સંભળાય.

ધરો સિદ્ધનાથનું ધ્યાન, જાત્રાળુ સૌ ધરો સિદ્ધનાથનું ધ્યાન,
નગ્ર ધોળાની મધ્યે બીગજે, સિદ્ધનાથ ભોળાનું ધામ—જાત્રાળુ૦
દક્ષિણમા સિદ્ધનાથનું દેવળ, ઉત્તરમા ભીમનાથ ઠામ—જાત્રાળુ૦
ઘણા કાળથી મેળો ભરાય છે, દેશ વિદેશમાં જાણ—જાત્રાળુ૦
મેળાના મહાત્મમાં પ્રવીણ નહોતો, સોધ્યુ તેનું મેં પ્રમાણ—જા૦
પુરાતની એક પુસ્તકમાથી, સાર લીધો આ ઠામ—જાત્રાળુ૦
સિદ્ધનાથ દાદાની કૃપાવડેથી, ગ્રંથનું કીધુ કામ—જાત્રાળુ૦
ધારેલી વૃતિઓ પાર પાડી છે, વિપ્રનાં ઘણું કીધાં કામ—જા૦
ભુલચુક હોય તે માફ કરીને. વાંચી લેશો તમામ—જાત્રાળુ૦
કેળીઆ વાસણાનો વિપ્રરે હું છું. કાશીરામ મારૂં નામ—જા૦
બળવરામનો સુત કાં'હું, ધોળકા. તાલુકાનું ગામ—જાત્રાળુ૦

સમાપ્ત.

# અમુલ્ય તક ખોશો નહી.

આપણા શરીરમા આખ એ એક અમુલ્ય અગ છે, અ તેના સિવાયના માણસોને પુછેથી ખબર પડશે કે આખ એજ ઉ મ અંગ છે; માટે જો તેને સાચવવા ઇચ્છતા હો તો નેત્રમણી પરો અને તેનાથી ઝાંખ, ચીપડા વળવા, આખ આડો જણાતો ડો તેને નાશ કરી નજરને લાંબા સુધી જોવાને શક્તીમાન કર માટે તાકીદે નેત્રમણી મંગાવો.

**બાળજીવન ગોટી**—કે જેઓના બાળકો નાનપણમાજ મ ણને શરણ થાય છે. તેઓએ આ બાળજીવન ગોટી વાપરવી તેથી ત બાળકને બાર, ઉદરશ, ઉટાંટીઓ, તથા કોઠાના રતવાને બે દીવસ વાપરવાથી તરતજ નાબુદ કરે છે

**દાદર તથા ખરજવાને માટે** આ એક અકશીર દવા છે અને જેઓને ખરજવું કે દાદર થઇ હશે તેઓ જાણતા હશે કે આ દુખથી તો એક જુદોજ અવતાર ભાગવવીએ છીએ તેઓ આખો દીવસ વલુરવલુરનોજ ધંધો કર્યા કરે છે અને દરદથી કાયર ને દરેક દવાથી નીરાસ થયેલાઓ! આ દવા વાપરી ખુશ થાઓ.

બધી દવાઓ વનસ્પતીની બનાવવામા આવી છે અને તેની વાપરવાની રીત તથા કીમતનો ખુલાસો નીચેને શીરનામે લખી જણાવવાથી મળશે.

મગવાનુ ઠેકાણુ.

**પંડયા. કાશીરામ વલ્લવરામ.**

મુ. કેળીઆ વાસણા તા:-ધોળકા.

**હાલ —ઉસ્માનાબાદની સ્કુલના મહેતાજી.**

તા -દસક્રોઇ. પોષ્ટ:-ઓગણજ.